પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Wednesday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

VIBRANT GUJARAT ROAD SHOW

રાજ્ય સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027 અંતર્ગત આજે કર્ણાટકના બેંગલુરુ ખાતે રોડ શૉ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા સહિતના રાજ્યના પ્રતિનિધિ મંડળે કર્ણાટકના ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ બેંગલુરુની ટેક્નોલૉજી અને નવિનતા પ્રણાલિને ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતાઓ , નીતિગત માહોલ અને આઈટી તેમજ ઉભરતી ટેક્નોલૉજીમાં રહેલી રોકાણની તક સાથે જોડવાનો છે.

AMD POST EXPORTER MEETING

અમદાવાદમાં ટપાલ વિભાગ દ્વારા એક્સપોર્ટ મીટનું આયોજન કરાયું.

ટપાલ વિભાગ ગુજરાત વર્તુળ દ્વારા અમદાવાદની એક હોટેલમાં યોજાયેલા કાર્યક્રમમાં નિકાસકારોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. તેમણે રાજ્યના નાના ઉદ્યોગકારો અને કારીગરોના ઉત્પાદનોને સીધા આંતર-રાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડવા તથા લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા અનેક સૂચનો રજૂ કર્યા. આ અંગે ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે વધુ માહિતી આપી.

(BYTE: KRISHNAKUMAR YADAV, POSTMASTER GENERAL, NORTH GUJARAT REGION)

આજની એક્સપોર્ટ મીટમાં આખા ગુજરાતના લોકો સામેલ થયા , જેમાં અમદાવાદ છે, ગાંધીનગર છે, વડોદરા છે, રાજકોટ છે, સુરત છે, ભાવનગર છે, અહીં સુધી કે કચ્છ જેવા ક્ષેત્રોમાંથી પણ જે લોકો આવ્યા છે અને કારણ કે આખા ગુજરાતમાં અમારી લગભગ ૮ ,૮૦૦ થી વધુ ડાકઘર છે, અહીં સુધી કે હવે જે અમારી બ્રાન્ચ પોસ્ટ ઓફિસ છે , ત્યાંથી પણ વિદેશો માટે આર્ટિકલ બુક કરાવી શકો છો. તો અમારો પૂરો ઉદ્દેશ્ય રહેશે કે જે પણ ગુજરાતના પ્રોડક્ટ્સ છે અને જે માનનીય પ્રધાનમંત્રીજીની સંકલ્પના છે - 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત', તેના અનુરૂપ આખા વિદેશોમાં ડાકઘરોના માધ્યમથી મોકલવામાં આવશે.

MSN ROBOT COMPETITION

મહેસાણાના વર્ધમાન વિદ્યાલયના ત્રણ વિદ્યાર્થીઓએ સ્વદેશી ટેક્નોલોજીથી તૈયાર કરેલા રોબોટે દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા રોબોફેસ્ટ 5.0માં પહેલું સ્થાન મેળવી પાંચ લાખ રૂપિયાનું ઇનામ જીત્યું છે. આરવ પટેલ , દક્ષ દરજી અન લક્ષ્ય ચોરસિયાએ તૈયાર કરેલો આ રોબોટ ભવિષ્યમાં હોસ્પિટલમાં દવા અને જરૂરી સામગ્રી પહોંચાડવામાં ઉપયોગી બનશે.

IFFI GUJARATI MOVIE

ગોવામાં આયોજિત 57-મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ – ઇફ્ફી 2026ના ઇન્ડિયન પેનોરમા વિભાગમાં ગુજરાતી ફિલ્મ લાલો – કૃષ્ણ સદા સહાયતે પ્રદર્શિત કરવામાં આવી. ગોવામાં પત્રકાર પરિષદને સંબોધતા લાલો ફિલ્મના નિર્દેશક અંકિત સખિયાએ ફિલ્મના નિર્માણ , તેના આધ્યાત્મિક વિષયો અને બૉક્સઑફિસ સફળતા સુધીની સફર અંગે વાત કરી. તેમણે કહ્યું , તેમનો ઉદ્દેશ પ્રેમ, શ્રદ્ધા અને આંતરિક તથા સાર્વત્રિક પરિવર્તનના વિષયો દ્વારા પ્રેક્ષકો સાથે ભાવનાત્મક જોડાણ બનાવવાનો હતો.

(BYTE: ANKIT SAKHIYA, DIRECTOR, LAALO KRISHNA SADA SAHAYTE MOVIE)

ખૂબ જ એટલે કે ઓવરવ્હેલ્મિંગ ફીલ થઈ રહ્યું છે કે પહેલી ફિલ્મ છે અને પહેલી જ ફિલ્મ ઇફ્ફી (IFFI) માં પસંદ થઈ છે, તો સારું લાગે છે. તો આ ફિલ્મનો વિચાર એવો હતો કે સાદું હતું કે એક ફિલ્મ બનાવવી છે , તો ઓછા બજેટમાં કેવી રીતે ફિલ્મ બનાવી શકીએ ? તો તેના માટે શું જોઈએ ? તો એક લોકેશન જોઈએ , કેમેરા જોઈએ અને એક્ટર જોઈએ. તો ત્યાંથી વિચારની એક શરૂઆત થઈ હતી કે આ રીતે એક ફિલ્મ બનાવીએ અને ધીરે-ધીરે-ધીરે બધું જોડાતું ગયું, પછી આ કરતા ગયા, પછી વિચાર્યું કે જો આમાં એક ગોડનો એંગલ હોય તો કેવું રહેશે ? તો આ રીતે કરતાં એક શરૂઆત થઈ અને આજે ઇફ્ફી પહોંચી ગયા છીએ.

DANG SSR MEETING

ડાંગ જિલ્લામાં કલેક્ટર એન. ડી. પરમારની અધ્યક્ષતામાં મતદારયાદી કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના રાજકીય પક્ષો સાથે બેઠક યોજાઈ , જેમાં સમગ્ર જિલ્લામાં બૂથ સ્તરના અધિકારીઓ – BLO દ્વારા મતદાર યાદીમાં નામ નોંધણી, ફોર્મ સ્વીકારવા , મતદારયાદીમાંથી મતદારોની વિગતોની ચકાસણી , ક્ષતિ તપાસવાની આનુષાંગિક કાર્યવાહી કરાશે તે અંગે માર્ગદર્શન અપાયું. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં આગામી 29 નવેમ્બર, છ અને 13 ડિસેમ્બરે સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત વિશેષ ઝૂંબેશ હાથ ધરાશે.

NMD HEALTH CONCLAVE

નર્મદા જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ અસરકારક અને ગુણવત્તાસભર બનાવવા જિલ્લાકક્ષાની આરોગ્ય પરિ ષદ યોજાઈ. સાંસદ મનસુખ વસાવાની ઉપસ્થિતિમાં યોજાયેલી પરિ ષદમાં આરોગ્ય ક્ષેત્રના પડકાર , કુપોષણ, સિકલસેલ એનિમિયા સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે શ્રી વસાવાએ કહ્યું, દેશનો દરેક નાગરિક તંદુરસ્ત હોવો જરૂરી છે. કારણ કે, તંદુરસ્ત નાગરિક જ વિવિધ ક્ષેત્રમાં દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે છે. આ પરિ ષદમાં આરોગ્ય વિભાગના નિષ્ણાતો દ્વારા આરોગ્યલક્ષી વિષયો અંગે માર્ગદર્શન અપાયું.